RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 69 * Date: 28.12.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## હિમાચલમાં હિમવર્ષા, અટલ ટનલ રોહતાંગ ફરી બંધ







હિમાચલ પ્રદેશના ઊંચા શિખરો પર તાજી હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. શિમલા જિલ્લાના નારકંડા, કુફરી, ખારાપથર અને લાહૌલ સ્પીતિ જિલ્લાના ઊંચા વિસ્તારોમાં ત્રણ કલાકથી હિમવર્ષા થઈ રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં હળવો વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને લાહૌલના ઘણા વિસ્તારોમાં ૨ ઈંચ સુધી તાજી હિમવર્ષા થઈ છે.આ પછી, અટલ ટનલ રોહતાંગ માટે વાહનોની અવરજવર ફરીથી બંધ કરી દેવામાં આવી છે. આજે સવારે જ ત્રણ દિવસ પછી રોહતાંગ તરફ વાહનોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.હવામાન વિભાગ કેન્દ્ર શિમલાએ બપોરે એક પ્રેસ રિલિફ બહાર પાડીને કહ્યું હતું અને આજે રાત્રે અને આવતીકાલે ૭ જિલ્લામાં ભારે હિમવર્ષાની ઓરેન્જ એલર્ટ આપી છે. આ સિઝનમાં પ્રથમ વખત હિમવર્ષાને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

આ જિલ્લાઓમાં ભારે હિમવર્ષાની ચેતવણીં સ્ઢ અનુસાર, ચંબા, કાંગડા, કિન્નૌર, કુલ્લુ, લાહૌલ-સ્પીતિ, મંડી અને શિમલા જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે હિમવર્ષા થઈ શકે છે. અન્ય જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. ચંબા, લાહૌલ સ્પીતિ, કિન્નૌર અને કુલ્લુના ઊંચા શિખરો પર ૨૯ ડિસેમ્બરે પણ હિમવર્ષા ચાલુ રહેવાની ધારણા છે.

મુસાફરોથી ભરેલી ઊઁઈ્ઝ બસ સ્લીપ થઈ હતી દરમિયાન, શિમલા જિલ્લાના નારકંડામાં, હિમાચલ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની મુસાફરોથી ભરેલી બસ રસ્તાના કિનારે પાર્ક કરેલા વાહન સાથે અથડાઈ હતી. જો બસ અહીંથી પડી હોત તો મોટો અકસ્માત સર્જાયો હોત. આવી સ્થિતિમાં બરફીલા રસ્તાઓ પર સાવચેતીપૂર્વક વાહન ચલાવવું જરૂરી છે.પ્રવાસીઓ અને સ્થાનિકોને સરકારની સલાહ હિમાચલમાં હવામાન વિભાગની ચેતવણી વચ્ચે, રાજ્ય સરકારે સ્થાનિક લોકો સહિત પ્રવાસીઓને ઊંચાઈવાળા વિસ્તારોમાં ન જવાની સલાહ આપી છે. કારણ કે આગામી ૨૪ કલાક દરમિયાન ઉચ્ચ વિસ્તારોમાં ભારે હિમવર્ષા થવાની આગાહી છે. જેના કારણે વાહનોની સાથે ફસાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

નાનખાડીમાં ફસાયા ૪ પ્રવાસીઓ, ૨ કલાક બાદ બચાવ આજે સવારે ૪ પ્રવાસીઓ નાનખાડી વિસ્તારમાં ફરવા ગયા હતા. દરમિયાન હિમવર્ષા શરૂ થયા પછી તે ફસાઈ ગયા અને સ્થાનિક પોલીસ દ્વારા તેમને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા. તેમને બચાવવા માટે ૨ કલાકનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

હિમવર્ષા પહેલા ૪૮ શહેરોમાં પારો માઈનસમાં હિમાચલના પહાડોમાં વરસાદ અને હિમવર્ષા શરૂ થયા પહેલા ૪ શહેરોમાં પારો માઈનસમાં છે. કલ્પનું લઘુત્તમ તાપમાન ઘટીને -૧.૧ ડિગ્રી સેલ્સિયસ, કેલોંગમાં ૬.૪ ડિગ્રી, કુકુમસાઈરીનું -૭.૨ ડિગ્રી, ટેબોનું -૧૧ ડિગ્રી સેલ્સિયસ થયું છે. હિમવર્ષા પછી તેમાં વધુ ઘટાડો થશે.૨૭ થી ૨૯ ડિસેમ્બર સુધી કોલ્ડ વેવ એલર્ટ હવામાન વિભાગે પણ ૨૭થી ૨૯ ડિસેમ્બર દરમિયાન કોલ્ડવેવને લઈને એલર્ટ જાહેર કર્યું છે. આ સમયગાળા દરમિયાન રસ્તાઓ અને માર્ગો પર ધુમ્મસની ચેતવણી પણ આપવામાં આવી છે.

## દૂરંદેશી વિઝનરી રાજનેતા, ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહન સિંહજીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણકર્તા ડો. વલ્લભભાઈ કથીરિયા.

રાજકોટ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ સંસદ સભ્ય ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ ભારતના પૂર્વ વડા પ્રધાન શ્રી મનમોહનસિંહજીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે, જેમના જીવન અને નેતૃત્વએ રાષ્ટ્ર અને વિશ્વમાં અમીટ છાપ છોડી છે.શ્રી મનમોહન સિંહ જીનો વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ નમ્રતા અને ભારતની પ્રગતિ માટે ઊંડી પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે આર્થિક વૃદ્ધિ, સર્વસમાવેશક નીતિઓ અને લાખો જીવનને સ્પર્શતી સામાજિક કલ્યાણની પહેલનો પાયો નંખાયો. ડો.કથીરિયા સંસદમાં તેમની સાથે કામ કરવાના સમયને ખૂબ સન્માન સાથે યાદ કરે છે. આત્મનિર્ભર ભારત માટેનું તેમનું વિઝન અને પારદર્શિતા પ્રત્યેનું તેમનું સમર્પણ ખૂબ જ પ્રેરક હતું. રાજકીય પડકારો હોવા છતાં, તેઓ ગૌરવ, પ્રામાણિકતા અને નમ્રતા સાથે રાષ્ટ્રની સેવા કરવાના તેમના સંકલ્પમાં અડગ રહ્યા.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં નાણામંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતના આર્થિક ઉદારીકરણમાં શ્રી મનમોહન સિંહજીનું યોગદાન પરિવર્તનકારી હતું. તેમની દૂરંદેશી અને દૃઢ નિશ્ચયએ ભારતને આર્થિક કટોકટીમાંથી બહાર કાઢ્યું અને લાંબા ગાળાની સમૃદ્ધિ માટે મંચ તૈયાર કર્યો ચાલો આપણે તેમના મૂલ્યોને જાળવી રાખવાનો સંકલ્પ કરીએ અને પ્રામાણિકતા, જનસેવા માટે સમર્પણ અને રાષ્ટ્રીય વિકાસ માટે અતૂટ પ્રતિબદ્ધતા કેળવીએ. રાજકોટના લોકો અને સમગ્ર રાષ્ટ્ર વતી હું તેમના પરિવાર અને વિશ્વભરના અસંખ્ય પ્રશંસકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.

## પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમોમાં મકાનની લાલચ આપી ૨૫૦ લોકો સાથે ઠગાઈ કરનાર આરોપી ઝડપાયો




અમદાવાદ,

આરોપીએ કુલ ૩ કરોડથી વધુ રકમ લોકો પાસેથી આ રીતે મેળવીને છેતરપિંડી કરી હતી પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમોમાં મકાન આપવાની લાલચ આપી ૨૫૦ થી વધુ લોકો સાથે ઠગાઈ કરનારા શખ્સની પોલીસે ધરપકડ કરી છે. આ મામલે વિરમસિંહ રાઠોડ નામનાં આરોપીની ઝોન ૧ એલસીબીએ ધરપકડ કરી છે. આરોપીએ પોતે સચિવાલયમાં નોકરી કરતો હોવાનુ જણાવી ગરીબ લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો અપાવાની લાલચ આપી હતી. તેણે વસ્ત્રાપુર, નારણપુરા અને સોલા વિસ્તારનાં લોકોને આ રીતે છેતર્યા હતા. આરોપીએ કુલ ૩ કરોડથી વધુ રકમ લોકો પાસેથી આ રીતે મેળવીને છેતરપિંડી કરી હતી. ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકોને સરળતાથી પોતાનું મકાન મળી રહે તેવા આશયથી રાજ્ય સરકાર મુખ્યમંત્રી આવાસ યોજના અને કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાનો બનાવે છે. જે યોજનાં હેઠળ મકાન લેવા ઈચ્છુત વ્યક્તિ જરૂરી પ્રક્રિયા કરી મકાન મેળવે છે પરંતુ આવા જ ઈચ્છુક લોકોને પોતાની વાતોમાં ફસાવી લાખો રૂપિયા મેળવી ઠગાઈ આચરવામાં આવી છે. જે મામલે ઝોન ૧ વિસ્તારમાં વસ્ત્રાપુર, સોલા અને નારણપુરામા ૩ ફરિયાદ નોંધાઈ હતી. જોકે ઝોન ૧ એલસીબીની ટીમે આરોપીને પકડી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીએ બી.એ સુધીનો અભ્યાસ કર્યો છે અને તે જીપીએસસીની તૈયારી કરતો હતો, જે દરમિયાન તેને આ રીતે લોકો સાથે ઠગાઈ કરવાનો વિચાર આવ્યો અને છેલ્લાં ૩ વર્ષમા અનેક લોકો પાસેથી પૈસા પડાવી લીધા. આરોપી પોતાની નીચે એજન્ટો પણ રાખતો જે તેઓને ગ્રાહક લાવી આપતા હતા. આરોપીએ સાયન્સ સિટી જેવા પોશ વિસ્તારમાં બનતા ઔડાનાં મકાનો ભોગ બનનારાઓને બતાવ્યા હતા અને રૂપિયા મેળવ્યા હતા.

## અમદાવાદના ચંડોળા તળાવ ખાતે પાસપોર્ટ કે વિઝા વગર ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી ઝડપાયા

અમદાવાદ,

પોલીસે ફોરેનર્સ એક્ટની કલમ હેઠળ ધરપકડ કરી હતી ઈસનપુર પોલીસે પાસપોર્ટ કે વિઝા વગર ગેરકાયદે ઘુસણખોરી કરીને રહેતા બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લીધા છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલીક અને સેક્ટર-૨ના જેસીપી જયપાલસિંહ રાઠોડના માર્દર્શન હેઠળ ઈસનપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને માહિતી મળી હતી કે ચંડોળા તળાવ વિસ્તારમાં કેટલાક બાંગ્લાદેશી નાગરિકો વગર પાસપોર્ટ અને વિઝા વગર ગેરકાયદે રહે છે. જેમાં પોલીસે બે બાંગ્લાદેશીની ચંડોળા તળાવ વિસ્તારમાંથી ફોરેનર્સ એક્ટની કલમ હેઠળ ધરપકડ કરી હતી.તપાસમાં તેમના નામ સુઝોન ઈબાદત રતુન શેખ (૨૪) અને હરમાન રૂબેલ સોહેદ શેખ(૧૯)નો સમાવેશ થાય છે. બન્ને બાંગ્લાદેશના કાલીયા થાણા વિસ્તારના રહેવાસી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

## અમરેલીમાં દીપડાએ ૧૦ વર્ષીય બાળકને ફાડી ખાતા ચકચાર મચી

અમરેલી,

અમરેલી જિલ્લાના રાજુલા જાફરબાદમાં દીપડાએ ૧૦ વર્ષીય બાળકને ફાડી ખાતા ચકચાર મચી ગઈ છે. અમરેલી જિલ્લાના રાજુલા જાફરબાદમાં દીપડાએ ૧૦ વર્ષીય બાળકને ફાડી ખાતા ચકચાર મચી ગઈ છે. જાફરાબાદમાં માસૂમ બાળકના મોતથી પરીવારમાં શોકનો માહોલ છવાયો છે. દીપડાના હુમલામાં ઘાયલ થયેલ બાળકને સારવાર માટે લઈ જવામાં આવ્યો. જ્યાં સારવાર દરમ્યાન બાળકનું મોત નિપજ્યું. બાળકના મોતને લઈને ધારાસભ્યની પ્રતિક્રિયા સામે આવી. ધારસભ્યે વન્યપ્રાણીના હુમલાથી બચવા પ્રજાજનોને ખુલ્લામાં ના સુવાની ચેતવણી આપી. રાજુલા જાફરાબાદમાં દીપડાના હુમલામાં બાળકનું મોત થયું. જેના બાદ ધારાસભ્યની પ્રતિક્રિયા સામે આવી. ધારાસભ્ય હીરા સોલંકીએ દીપડા જેવા હીંસક પ્રાણીના ઘાતકી હુમલાથી બચવા પ્રજાજનોને ખુલ્લામા ના સુવા અપીલ કરી. દીપડો વહેલી તકે પકડાઇ તે માટે વનવિભાગને સૂચના આપી છે. વધુમાં હીરા સોલંકીએ કહ્યું કે આવી ઘટનાઓ બને છે ત્યારે મને બહુ દુઃખ થાય છે. વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે પ્રજાને સંદેશો આપું છું કે તેઓ હજુ થોડા સમય વધુ સાવચેતી રાખે. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા ૬ પાંજરા મૂકાયા. જાફરાબાદમાં દીપડાના હુમલામાં પોતાના વ્હાલસોયા દિકરાને ગુમાવતા માબાપ પર આભ તૂટી પડ્યું.અને સગાસંબંધીઓ પણ શોકાતુર થઈ ગયા છે. પ્રાણીઓ પર જીવદયા કરવી કે પછી તેમને સજા કરવી તેને લઈને આ વિસ્તારના લોકોમાં ચિંતાના વાદળો છે. બાળકના મોત બાદ અન્ય લોકો પણ હવે પોતાના બાળકની સલામતીને લઈને ચિંતિત છે. ખુલ્લામાં રમતા બાળકો પર પણ હવે સતત હિંસક પ્રાણીઓનો ભય તોળાઈ રહ્યો છે.

## વેજલપુરમાં હત્યાની ઘટનામાં આરોપીઓનું પોલીસે રી- કન્સ્ટ્રક્શન કરાવ્યું

અમદાવાદ,

વેજલપુરના ફતેવાડી વિસ્તારમાં યુવાનની હત્યાની ઘટનામાં પોલીસે આરોપીઓનું રોડ રેમ્પિંગ કરાવ્યું. વેજલપુર ના ફતેવાડી વિસ્તારમાં યુવાન ની હત્યા ની ઘટનામાં પોલીસે આરોપીઓનું રોડ રેમ્પિંગ કરાવ્યું. મોડી રાત્રે યુવાનની હત્યા કરનાર શખ્સને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. આજે હત્યાની વધુ તપાસ માટે પોલીસ આરોપીને લઈને ઘટના સ્થળ પર પહોચી. પોલીસે આરોપીઓનું ઘટના સ્થળે રી- કન્સ્ટ્રકશન કરાવ્યું. દરમ્યાન હત્યા અંગે વધુ પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ વેજલપુર નજીક ફતેવાડીમાં બે જૂથ વચ્ચેની અથડામણમાં યુવાન ભોગ બન્યો. બે જૂથ વચ્ચે ચાલતી જૂની અદાવતમાં નવાઝીસ ઉર્ફે રઘુ શેખની હત્યા કરવામાં આવી. જો કે આ ઘટનામાં અથડામણ દરમ્યાન આરોપીઓને પણ ઈજા પંહોચી હતી. અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. રઘુ શેખની હત્યાના ગુનામાં પોલીસે કુલ ૯ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી. ફેબ્રિકેશનના ધંધાને લઈને બે જૂથ વચ્ચે લાંબા સમયથી સંઘર્ષ રહેતો હતો. બે દિવસ અગાઉ ધંધામાં ચાલતી તકરારનો ખાર રાખી મોડી રાત્રે બિસ્મિલ્લા મસ્જિદ પાસે નાઝીમ શેખ સહિતના પાંચ આરોપીઓએ સરતાજનો ઘરે હુમલો કર્યો. નાઝીમ અને સરતાજના લોકો વચ્ચે મારામારી થઈ. જો કે અદાવતમાં બદલો લેવા નીકળેલ નાઝીમ શેખ જ હુમલાનો ભોગ બન્યો અને મૃત્યુ પામ્યો.

તંત્રી લેખ....

## NRI બન્યા બાદ ફરીથી ભારતીય નાગરિકતા મેળવી શકાય...

દર વર્ષે લાખો લોકો ભારતમાંથી વિદેશ જાય છે. કેટલાક લોકો અભ્યાસ માટે વિદેશ જાય છે તો કેટલાક નોકરી માટે અન્ય દેશોમાં જાય છે. ભારતીય લોકો મોટાભાગે અમેરિકા, બ્રિટન, કેનેડા અને મધ્ય પૂર્વમાં સ્થાયી થયા છે. સામાન્ય રીતે જે ભારતીયો અમેરિકા, બ્રિટન, કેનેડા જેવા વિકસિત દેશોમાં નોકરી કરવા જાય છે તેઓ થોડા સમય પછી ત્યાંની નાગરિકતા મેળવે છે. આવી સ્થિતિમાં તેઓને ભારતીય નાગરિકતા છોડવી પડે છે. જો કોઈ ભારતીય નાગરિક દ્વૈં બન્યા પછી એટલે કે અન્ય કોઈ દેશની નાગરિકતા લે છે અને ભારતીય નાગરિકતા છોડી દે છે, તો તે ફરીથી ભારતીય નાગરિક બની શકે ? દ્વૈં બન્યા પછી વ્યક્તિ ફરીથી ભારતીય નાગરિક બની શકે છે. આ માટેની પ્રક્રિયા ભારતીય નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ હેઠળ નિર્ધારિત કરવામાં આવી છે. તમે નાગરિકતા માટે ફરીથી અરજી કરી શકો છો. ભારતીય નાગરિકત્વ પાછું મેળવવું શક્ય છે, પરંતુ નિર્ધારિત કાનૂની પ્રક્રિયાને અનુસરવી જરૂરી છે. ભારતીય નાગરિકતા પાછી મેળવવા માટે વ્યક્તિએ ભારત સરકારને અરજી કરવી પડશે. વ્યક્તિએ સાબિત કરવું પડશે કે તેણે તેની નાગરિકતાનો ત્યાગ કર્યા પછી પણ ભારત સાથે સંબંધ જાળવી રાખ્યો છે. આ ઉપરાંત ભારતમાં ચોક્કસ સમયગાળા સુધી રહેવાની શરત પૂરી કરવી પડે છે. જો કોઈ વ્યક્તિ ભારતીય નાગરિકતા સંપૂર્ણપણે પાછી મેળવી શકતો નથી, તો તે 'ૐ કાર્ડ માટે અરજી કરી શકે છે. તે ભારતમાં રહેવા, કામ કરવા અને મિલકત ખરીદવાનો અધિકાર આપે છે, પરંતુ તેને સંપૂર્ણ નાગરિકતા ગણવામાં આવતી નથી.

## બનાસકાંઠામાં પત્નીએ જ પતિને ઉતાર્યો મોતને ઘાટ, હત્યાને આત્મહત્યામાં બદલવા રચ્યું ષડ્યંત્ર

બનાસકાંઠામાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સાત જન્મ સુધી સાથ આપવાના વચન આપનાર પત્નીએ જ પતિની હત્યા કરી દીધી હતી. જોકે, પહેલાં પત્નીએ આ હત્યાને અકસ્માતમાં બદલવાનું કાવતરૂ ઘડ્યું હતું. જોકે, પોલીસ તપાસમાં સમગ્ર કૌભાંડનો ખુલાસો થયો હતો. પોલીસે હત્યા કરનાર પત્નીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.બનાસકાંઠાના વડગામ તાલુકનામાં વસુ ગામમાં શ્રવણજી ઠાકોર નામની વ્યક્તિએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેથી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તુપાસ હાથ ધરી હતી. બાદમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે, શ્રવણજી ઠાકોરના માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા અને ગળે ટૂંપો આપી મોત નિપજ્યુ હતું. રિપોર્ટ સામે આવતા લોકલ પોલીસ, એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વૉડની અલગ-અલગ સાત ટીમ બનાવી હત્યારાને પકડવા માટે તપાસ શરૂ કરી. બાદમાં ૧૫ દિવસ બાદ પોલીસ તપાસમાં સફળ થઈ અને હત્યારાનો ખુલાસો થયો.

# દિન તારાના હીરા આકાશના તારાની જેમ ચમકે છેઃ બિપીન પુનમિયા



સ્ત્રીનો પ્રિય મિત્ર હીરા છે અને જ્યાં સુધી સ્ત્રીઓ પૃથ્વી પર છે ત્યાં સુધી હીરા અમર છે.

હીરા સદીઓથી મેકઅપનો એક ભાગ રહ્યો છે, જો આપણે આપણા ભવ્ય ઈતિહાસનું પૃષ્ઠ ફેરવીએ, તો આપણા રાજાઓ અને સમ્રાટોનો ખજાનો હીરા અને મોતીથી ભરેલો હતો.પરંતુ સમય સાથે ઘણી વસ્તુઓ બદલાય છે.

દરેક વર્ગ માટે કુદરતી હીરા ખરીદવા કે પહેરવા સહેલા નથી અને તેથી હીરા પહેરવાનો સંતોષ મેળવવા માટે, મેઈન મેડ એટલે કે સીવીડી ડાયમંડની શોધ કરવામાં આવી છે. . લેબગ્રોન ડાયમંડની માંગ દિવસેને દિવસે વધી રહી છે.

આને ધ્યાનમાં રાખીને, ઝફફ્ઢ હીરાની દુનિયામાં શાઈન બ્રાઈટ ડે એન્ડ નાઈટના મૂળ મંત્ર સાથે, સુવર્ણ જગત નાં પ્રસિદ્ધ વ્યાપારી બિપિન પુનમિયાના પુત્ર રાજ પુનમિયા દ્વારા કરવામાં આવી છે. ડાયમંડ ડે ના પ્રણેતા હાર્દિક હુંડિયા દ્વારા કોહિનૂર ઓફ ઈન્ડિયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ સોનાના વિશ્વના જાણીતા સોનાના વેપારી અને આંતરરાષ્ટ્રીય ડાયમંડ ડેના દિવસે કોહીનૂર ઓફ ઇન્ડિયા સમ્માન સે સમ્માનિત બીપીન પુનમીયા દ્વારા ભારતમાં લેબગ્રોન ડાયમંડ જ્વેલરી નાં પ્રથમ શોરૂમનું મુંબઈમાં ઉદ્ઘાટન

કરવામાં આવ્યું હતું.

લેબગ્રોન ડાયમંડ જ્વેલરીનો આ પહેલો શો રૂમ છે અને આ ખાસ અવસર પર ભારતીય સિનેમાના જાણીતા અભિનેતા ગોવિંદાજીએ બિપિન પુનમિયાજીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. આ ખાસ અવસરે સ્ટાર રિપોર્ટના એડિટર-ઈન-ચીફ હાર્દિક હુંડિયાજીએ બિપિન પુનમિયા અને રાજ પુનમિયાને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, વિશ્વના હીરા ઉદ્યોગ અને ડી બિયર્સનું સૂત્ર એ ડાયમંડ્સ ફોરએવર છે, પરંતુ આજે વાતાવરણ થોડું બદલાઈ ગયું છે, હવે એવું કહેવામાં આવશે કે ડાયમંડ દરેક માટે છે, તે દરેક માટે કહેવામાં આવે છે કારણ કે દરેક માટે વાસ્તવિક હીરા ખરીદવા શક્ય નથી. જ્યારે નાનામાં નાની વ્યક્તિ પણ સરળતાથી ઝફફ્ઢ ડાયમંડ ખરીદી શકે. છે. આ ખાસ અવસર પર હાર્દિક હુંડિયાએ દિન તારા જ્વેલર્સના મુખ્ય સ્થાપક બિપિન પુનમિયા, રાજ પુનમિયા અને આરજુને લેબગ્રોન ડાયમંડ જ્વેલરી વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. લેબગ્રોન ડાયમંડ જ્વેલરી નો ઈન્ડિયા માં આ પહેલો શોરૂમ ખોલ્યો છે રાજ પુનમીયા , પિતા બિપિન પુનમિયા અને આરજુ, આજે આપણે બધા એક જગ્યાએ મળ્યા. સૌ પ્રથમ, રાજ પુનમિયા, અમને કહો કે તમને સીવીડી ડાયમંડ શોરૂમ ખોલવાનો વિચાર કેવી રીતે આવ્યો?

રાજ પુનમિયાએ જણાવ્યું કે, એવું કહેવાય છે કે દરેક વ્યક્તિ અસલી હીરા ની જ્વેલરી અને રિયલ હીરા ખરીદી શકતો નથી, તેથી વિચાર આવ્યો કે શા માટે એવો શોરૂમ ન ખોલવામાં આવે જ્યાં સામાન્ય લોકો પણ હીરા અને ઘરેણાં ખરીદી શકે.

ત્યારે હાર્દિકે જી એ બીજો પ્રશ્ન પૂછ્યો કે, લેબગ્રોન ડાયમંડ શોરૂમ ખોલવા પર શું પ્રતિસાદ છે?

રાજ પુનમિયાએ કહ્યું કે પ્રતિભાવ ઘણો સારો છે. અહીં શોરૂમ માં રાખવામાં આવેલી જ્વેલરી એકદમ અનોખી છે. લોકો તેને ખૂબ પસંદ કરી રહ્યા છે. ઘણા બધા ઓર્ડર આવી રહ્યા છે.

આરઝૂ સાથે વાતચીત દરમિયાન હાર્દિક જીને પૂછ્યું કે શું જ્યાં સુધી દેશ અને દુનિયામાં મહિલાઓ છે ત્યાં સુધી હીરાના આભૂષણો વેચાતા રહેશે?

આના જવાબમાં તેણે કહ્યું કે મહિલાઓને હીરા નાં ઘરેણાં પ્રત્યે વિશેષ લગાવ હોય છે. આ શોરૂમમાં રાખવામાં આવેલી લેબગ્રોન ડાયમંડ જ્વેલરીમાં ઘણી બધી વેરાયટી છે, ગ્રાહકો કઇ જ્વેલરી ખરીદવી અને કઇ નહીં તેની મૂંઝવણમાં છે! દરેક તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે, સોલિટેર જ્વેલરીની એક અલગ શ્રેણી છે, જેના કારણે લોકો ખૂબ જ પ્રભાવિત થઈ રહ્યા છે. રિયલ બ્રાઈડલ જ્વેલરી પહેરવા માટે ખૂબ જ ખર્ચાળ હોય છે પરંતુ લેબમાં બનેલ મેઈનમેડ ડાયમંડ જ્વેલરી સરળતાથી લઈ જઈ શકાય છે. લેબગ્રોન ડાયમંડ જ્વેલરીના ભાવિ અંગે રાજ પુનમિયાએ જણાવ્યું હતું કે લેબગ્રોન ડાયમંડનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. અત્યારે જે રીતે સોનાની કિંમત વધી રહી છે અને આવી સ્થિતિમાં જો તમે રિયલ ડાયમંડ જ્વેલરી ખરીદવા જાવ તો હીરા અને સોનાની કિંમત એકસાથે જોતા આ જ્વેલરી એકદમ મોંઘી સાબિત થઈ રહી છે. અમારા દ્વારા લૉન્ચ કરાયેલા લેબગ્રોન ડાયમંડના દર ખૂબ ઓછા રાખવામાં આવ્યા છે જેને સામાન્ય લોકો સરળતાથી ખરીદી શકે છે. શો રૂમના ભાવ પણ ઓનલાઈન માર્કેટ કરતા ઓછા છે. ૧૪મી ફેબ્રુઆરી એ વેલેન્ટાઈન ડે છે જે પ્રેમનું પ્રતિક છે અને તે દિવસે દિનતારા જ્વેલરી ખાતે લેબગ્રોન ડાયમંડ જ્વેલરીની અનન્ય જ્વેલરીની વિશિષ્ટ શ્રેણીનું વેચાણ કરવામાં આવશે. કારણ કે વિવિધ રંગો, કટ અને ડિઝાઈનમાં ઉપલબ્ધ આ ડાયમંડ જ્વેલરી એ વેલેન્ટાઇન ડે નિમિત્તે તમારા પ્રિયજનો માટે ખાસ તૈયાર કરાયેલ લેબગ્રોન ડાયમંડ જ્વેલરી છે.

આગળ વાત કરતા હાર્દિક હુંડિયા જી એ પ્રખ્યાત ઉદ્યોગપતિ બિપિન પુનમિયા જી ને કહ્યું કે તમે સોનાની દુનિયાના રાજા છો અને સીવીડી ડાયમંડ જ્વેલરીના બિઝનેસમાં પણ જોડાયા છો, તમારા પુત્ર રાજને પણ પ્રમોટ કરી રહ્યા છો તો પછી મને સોના અને સીવીડી ડાયમંડ વિશે કહો. દાગીનાના ધંધામાં કેટલો ફરક પડે છે! પછી તેમણે કહ્યું કે તે માને છે કે લેબગ્રોન ડાયમંડ જ્વેલરી મોટાભાગે મધ્યમ વર્ગના લોકો ખરીદે છે. તેઓ લગ્ન અને રિસેપ્શનમાં રૂ. ૨૫ લાખ અને રૂ. ૫૦ લાખની કિંમતના હીરાના આભૂષણો પહેરી શકતા નથી. તેથી એવું કહેવામાં આવે છે કે લેબગ્રોન ડાયમંડ સરળતાથી ઈચ્છાઓ પૂર્ણ કરી શકે છે. આરઝૂએ તમામ મહિલાઓનું સન્માન કરતાં કહ્યું હતું કે

દિન તારા શોરૂમમાં તે દરેક વસ્તુ છે જેની તે સમયે મહિલાઓએ તેમના સપનામાં કલ્પના કરી હશે.

આ ભવ્ય શો રૂમમાં લેબગ્રોન ડાયમંડ જ્વેલરીની વિશાળ શ્રેણી છે. ઈન્ડો-વેસ્ટર્ન કલ્ચરની સાથે, અનોખી ડિઝાઈનની જ્વેલરી તેને જોનારા દરેકને મોહિત કરે છે.

વિનોદ બાંડીવાળા ડીસા

## મનમોહન સિંહ જ એવા એક માત્ર વડાપ્રધાન છે જેમના ચલણી નોટ પર છે હસ્તાક્ષર

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહનું ૨૬ ડિસેમ્બરના રોજ નિધન થયું હતું. તેમણે દેશના નાણામંત્રી અને આરબીઆઇ ગવર્નરની જવાબદારી સંભાળી હતી. તેમને એક વિશેષ સન્માન પણ પ્રાપ્ત થયેલું છે. ખાસ વાત એ છે કે તેઓ દેશના એક માત્ર એવા વડાપ્રધાન છે, જેમના હસ્તાક્ષર ભારતીય ચલણી નોટો પર જોવા મળે છે.

આ પણ વાંચોઃ ઉંઘમાંથી ઉઠાડી ડૉ. મનમોહન સિંહને નાણામંત્રી બનવાની ઓફર કરાઈ, પછી આ રીતે દેશનું ભાગ્ય બદલ્યું




ત્યારે ૧૦ રૂપિયાની નવી નોટ પર તેમની સહી હતી

વર્ષ ૨૦૦૫માં જ્યારે મનમોહન સિંહ વડાપ્રધાન બન્યા, ત્યારે ભારત સરકારે ૧૦ રૂપિયાની નવી નોટ બહાર પાડી હતી. તેના પર તેમની સહી હતી. જો કે તે સમયે નોટો પર ભારતીય રિઝર્વ બૅંકના ગવર્નરની સહી આવતી હતી. પરંતુ હવે ૧૦ રૂપિયાની નોટમાં વિશેષ ફેરફાર કરવામાં આવ્યો છે.

## પંજાબમાં ભીષણ અકસ્માત, મુસાફરો ભરેલી બસ નહેરમાં ખાબકી, આઠના મોત

પંજાબના ભટિંડામાં આજે (૨૭ નવેમ્બર) ભીષણ અકસ્માત થયો છે. અહીં એક ખાનગી કંપનીની બસ નહેરમાં ખાબકી છે, જેમાં આઠ લોકોના મોત થયા હોવાના જ્યારે અનેક લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને ઈજાગ્રસ્તોને તુરંત હોસ્પિટલમાં ખસેડ્યા છે. પોલીસે કહ્યું કે, મૃતદેહો બહાર કાઢીને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવાયા છે.મળતા અહેવાલો મુજબ ખાનગી કંપનીની બસ ભટિંડાના કોટશમીર રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે ડ્રાઈવરે અચાનક બસ પરનો કાબુ ગુમાવતા બસ નહેરમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના દર્દનાક મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક વહિવટી તંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. જ્યારે એનડીઆરએફની ટીમ પુરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. પોલીસે દુર્ઘટના સર્જાવાના કારણોની તપાસ કરી રહી છે.આ ઉપારંત પંજાબ પોલીસ અને ઉત્તર પ્રદેશ પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં માર્યા ગયેલા ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના ત્રણ આતંકવાદીઓના મૃતદેહ લઈને



પંજાબ જઈ રહેલી એમ્બ્યુલન્સ મંગળવારે મોડી રાત્રે અકસ્માતનો ભોગ બની હતી. રામપુર બાયપાસ પર અજાણ્યા વાહને એમ્બ્યુલન્સને ટક્કર મારી હતી. માહિતી મળતા જ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ત્યાર બાદ ત્રણેય આતંકીઓના મૃતદેહને એમ્બ્યુલન્સમાંથી બીજી એમ્બ્યુલન્સમાં ટ્રાન્સફર કરીને પંજાબ મોકલવામાં આવ્યા હતા.

## હિમાચલ પ્રદેશના પહાડી રાજ્યના શિમલા અને મનાલી જેવા પ્રવાસન કેન્દ્રો બરફથી ઢંકાયેલા છે

નવીદિલ્હી,

ક્રિસમસની ઉજવણી વચ્ચે હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળો તાજી હિમવર્ષાને કારણે બરફથી ઢંકાઈ ગયા છે. પરિણામે પ્રવાસીઓના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે હિમાચલના શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ થાય છે. એટલું જ નહીં સ્થિતિ એવી બની કે કુલ્લુના ધુંડી અને મનાલી-લેહ હાઈવે પર અટલ ટનલના ઉત્તરી અને દક્ષિણ દરવાજા પર લગભગ ૧,૫૦૦ વાહનો બરફમાં ફસાઈ ગયા. આ વાહનોને દૂર કરવા માટે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હિમવર્ષાને કારણે રસ્તાઓ ખતરનાક રીતે લપસણો બની ગયા હતા. જેના કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને ઘણા પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત ફસાયા હતા. ઘણા ફસાયેલા પ્રવાસીઓ મેદાનોમાંથી તેમની પોતાની કાર અથવા ટેક્સીમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમને બરફીલા રસ્તાઓ પર વાહન ચલાવવાનો કોઈ અનુભવ નહોતો. બરફના વધતા જતા સંચયને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. જેના કારણે ટ્રાફિક જામ અને અવરજવરમાં સમસ્યા સર્જાઈ હતી. કેટલાક પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત થીજી જતા તાપમાનમાં ફસાઈ ગયા હતા અને અનુભવને ‘‘ભયાનક’’ ગણાવતા હતા. વાહન સ્લીપ થવાથી ૪ લોકોના મોત થયા હતા. ૮ હજાર લોકોને બચાવી લેવાયા હતા. મનાલી ડીએસપી કેડી શર્માએ જણાવ્યું હતું કે, ‘સોમવારે બપોરે ૨ વાગ્યે શરૂ થયેલ બચાવ કામગીરી આખી રાત ચાલુ રહી, જેમાં પોલીસ કર્મચારીઓએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝીરોથી નીચેના તાપમાનમાં અથાક મહેનત કરી. બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધીમાં તમામ વાહનોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ફસાયેલા તમામ ૮,૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ હાઈવે પર વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી, જેના કારણે મુસાફરોને વિલંબ અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. હિમાચલ પ્રદેશના શિમલા અને મનાલીમાં તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગયું છે. હવામાન પરિસ્થિતિઓએ આ શહેરોને પ્રવાસીઓ માટે ક્રિસમસ અને નવા વર્ષની રજાઓનો આનંદ માણવા માટે સંપૂર્ણ પ્રવાસન સ્થળો બનાવ્યા છે. તેમજ સતત હિમવર્ષા પ્રવાસીઓ માટે ખુશીઓથી ભરપૂર હોઈ શકે છે પરંતુ તેનાથી હાઈવે પર અકસ્માતો અને ઘટનાઓનું જોખમ પણ વધી ગયું છે. મીડિયા અહેવાલો અનુસાર હિમાચલ પ્રદેશમાં વાહન સ્લીપ થવાને કારણે અલગ-અલગ અકસ્માતોમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે.




બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં યોજાયેલી ડૉ. સુહાસ બાપટ મેમોરિયલ ટેનિસ ટુર્નામેન્ટમાં પુરુષોના વિભાગમાં જેનિલ શાહ ઈલેવન વિજેતા અને ઋષભ નાણાવટી ઈલેવન બીજી, મહિલા વિભાગમાં લીના ઈલેવન વિજેતા અને રોનક ઈલેવન બીજી, પચાસ પ્લસમાં ઉદય ઈલેવન વિજેતા અને નીતિન ઈલેવન બીજી, છોકરાઓના વિભાગમાં ધ્રુવ ઈલેવન વિજેતા અને હૃદય ઈલેવન બીજી રહી હતી

અગાઉ અંડરઆર્મ બોક્સ ક્રિકેટના પુરુષોના વિભાગમાં દીવે ઈલેવન વિજેતા રહી હતી. વિજેતા ટીમને ટ્રોફી અપાઈ હતી.

## BZ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાની ધરપકડ, મહેસાણા જિલ્લામાંથી ભાગેડુ ઝડપાયો

મહેસાણાથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. BZ ગ્રુપ દ્વારા ૬ હજાર કરોડ રૂપિયાના કૌભાંડનો મામલો ઘણા સમયથી ચર્ચામાં છે. ત્યારે આજે (૨૭ ડિસેમ્બર, ૨૦૨૪)ના રોજ ભાગેડુ ભૂપેન્દ્ર ઝાલા સકંજામાં આવ્યો છે. CID ક્રાઈમ દ્વારા BZ કૌભાંડના માસ્ટર માઈન્ડ ભૂપેન્દ્ર ઝાલાની મહેસાણા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી છે. ત્યાંથી તેને ગાંધીનગર લવાયો છે, જ્યાં તેની પૂછપરછ શરૂ કરી દેવાઈ છે. સૂત્રોના અનુસાર, તેની ધરપકડ મહેસાણા જિલ્લાના વિસનગરના દવાડા ગામથી કરવામાં આવી છે. જણાવી દઈએ કે, છેલ્લા એક અઠવાડિયાથી CID ક્રાઈમ આ મામલે વ્યાપક કામગીરી કરી રહી હતી. CIDએ લોકોને જણાવ્યું છે કે, જેમને પણ ભૂપેન્દ્ર ઝાલા સામે ફરિયાદ કરવી હોય તેઓ ગાંધીનગર CID ક્રાઈમની ઓફિસે આવી શકે છે.મળતી માહિતી અનુસાર, જ્યારથી કૌભાંડ સામે આવ્યું છે ત્યારથી ભૂપેન્દ્ર ઝાલા ફરાર હતો. ત્યારે આજે એક મહિના બાદ તેનું પગેરૂ મળ્યું હતું. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના દવાડા ગામમાં છૂપાયો હતો. CID ક્રાઈમની ટીમે દવાડા ગામના ખેતરના એક નાના ઘરમાંથી ઝડપ્યો છે.

ભૂપેન્દ્ર ઝાલા તેના સમાજના લોકોના સંપર્કમાં હતો. જેમના કોલ ટ્રેસ કરતા તેનું (ભૂપેન્દ્ર) લોકેશન મળ્યું હતું અને સાંજે ૪ વાગ્યા આસપાસ તેને દવાડાથી ઝડપી લેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે જ ભૂપેન્દ્ર ઝાલાના ભાઈ રણજીત સિંહ અને તેના ઝછ ઋષિત મહેતાની અટકાયત કરાઈ હતી. ભૂપેન્દ્ર ઝાલા સાથેના સંપર્ક અંગે રણજીતસિંહની CID ક્રાઈમ દ્વારા પૂછપરછ કરાઈ હતી.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.370**
વિષય :- મધ્યાંતર
શીર્ષકઃ- રહીએ હરદમ
પ્રકાર :- પધ શબ્દો :- ૬૪

સવાર છે એક ગુંજન ભર્યો જિંદગીનો પિયાનો
રોજ બજાવી ગમ્ય સરગમ, ખુશ રહીએ હરદમ.

મધ્યાંતરે છે પરિપક્વતાની ઈમારતનો ઝુલો ,
રોજ ઝુલાવી આગળ, ઝૂલતા રહીએ હરદમ .

સાંજ પડે ને મળે સરવાળો, સુરજ શશીનો,
રોજ ચમકાવી ગગનને, ચમકતા રહીએ હરદમ.

રાત થઈ ને થાક્યા પાક્યા, સુતા સાથરે ,
રોજ સજાવી સેજ, પ્રેમ કરતા રહીએ હરદમ.

જિંદગી આખી વીતી જાય સવારથી રાતમાં,
બની "મહેક" સૌની, મહેકતા રહીએ હરદમ.

ચંદન સોલંકી "મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : '' મધ્યાંતર "
શીર્ષક : " મધ્યાંતરે ઉભો છું "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૧.

જીવનમાં હું એવા મધ્યાંતરે ઉભો છું,
કોઈથી નિકટ કોઈથી અંતરે ઉભો છું.

ઉંમરના ઢોળાવે, ચિત્ત રહે છે જાગતું,
કોઈ ગણે ના ગણે, ખોટું નથી લાગતું,

ચાડિયો થઈ વચ્ચમાં ખેતરે ઉભો છું,
જીવનમાં હું એવા મધ્યાંતરે ઉભો છું.

જિંદગીમાં ઘણું શીખી જાણી લીધું છે,
આ પડાવે મેં ઘણું બધું માણી લીધું છે,

સુખે દુઃખે ખુશ રહું એ ક્ષેત્રે ઉભો છું,
જીવનમાં હું એવા મધ્યાંતરે ઉભો છું.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષય :-મધ્યાંતર.
શીર્ષકઃ- મધ્યાંતર.
પ્રકારઃ- પદ્ય.
શબ્દ સંખ્યાઃ- ૧૮૧.
થયો જન્મ આવ્યું બચપણ યૌવાને વીંઝી પાંખ.
યોગ્યતા પ્રાપ્ત કરવા વેઠી અનેક મુશ્કેલીઓ થયો કામયાબ.
ઝુકાવ્યું વ્યવસાયમાં મળી નોકરી કુટુંબીજનો સાથ ,થયો કમાતો.
ન જોયું પાછું વાળી ,થઈ સારી પ્રગતિ, થયો કુટુંબ વિસ્તાર.
સત્ય ,અહિંસા, પ્રેમ ,પ્રમાણિકતા, દેશને માટે કરી ભારે પ્રગતિ.
જોયા સારા માઠા લોકો , પ્રસંગો , પામ્યો લોકોનો પ્રેમ સત્કાર.
શિક્ષક બનીને હજારો શિષ્યોના ખોલ્યા હૃદયના જ્ઞાનદ્વાર.
ગરીબ, તવંગર, સારા, નબળા સૌને કર્યા લાયકાત વાળા.
પામ્યો સૌનો પ્રેમ ,આજે પણ તેઓ કરે દિલથી યાદ.
કેમ ભુલાય એવા શિષ્યો પરિવારને? જેણે આપ્યો ભરપૂર પ્રેમ.
વિતી ગયા વર્ષો , હવે તો પહોંચ્યો મધ્યાંતરે કાંઈ ખબર ન પડી.
થયો નિવૃત્ત ગર્વભેર ,માન સન્માન સાથે, વહિયા અનેકના અશ્રુ.
હવે તો,તંદુરસ્તી અને નિવૃત્તિનો આનંદ સાથે મધ્યાંતર નો ગાળો.
થયો નિવૃત્તજનોનો સંગ અનેક વાતો અનુભવોની આપ લે.
તંદુરસ્તીના નુસખા અનેક દેશી વિદેશી દવાઓ ,પંચાતની વાતો.
પત્ની, પુત્ર , પુત્રવધૂ ,પૌત્ર, પુત્રી, તેનો પરિવાર કુટુંબીનો સહકાર.
જેનો હાથ ઝાલી ચલાવ્યા હતાં કીધું હતું પાલનપોષણ દિલથી.
તેનાથી પણ વિશેષ આજે તેઓ બન્યા છે આજે મારો ટેકો.
આવ્યો મધ્યાંતર કાળ જે છેલ્લે હસે સારું, હસે હું પણ હસુ છું.
બાકી તો રામ રાખે તેમ રહીએ રોજે રોજ મોજમાં રહીએ.
રતીલાલ વાયડા

# ઊંઘમાંથી ઊઠાડી ડૉ.મનમોહન સિંહને નાણામંત્રી બનવાની ઓફર કરાઈ, પછી આ રીતે દેશનું ભાગ્ય બદલ્યું

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ગુરુવારે (૨૬મી ડિસેમ્બર) રાત્રે દિલ્હીની છૈંસ્જીમાં નિધન થયું હતું. તેમણે ૯૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી વડાપ્રધાન પદ સંભાળનાર ડૉ. મનમોહન સિંહને એવા સમયે નાણામંત્રી પદ સોંપવામાં આવ્યું હતું, જ્યારે દેશ ભારે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો. વર્ષ ૧૯૯૧માં જ્યારે તેમને નાણા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી. ત્યારે ભારત પાસે માત્ર ૮૯ કરોડ ડોલરનું વિદેશી હૂંડિયામણ હતું. આ નાણાં વડે માત્ર બે અઠવાડિયામાં આયાત ખર્ચ કવર કરી શકાશે. પરંતુ તેમણે સત્તા સંભાળ્યા બાદ પોતાના નિર્ણયો પલટાવ્યા હતા. આવો જાણીએ ડૉ. મનમોહન સિંહના નાણામંત્રી બનવાની રસપ્રદ કિસ્સો.....

ભારત ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું હતું

જૂન ૧૯૯૧માં જ્યારે ભારતના તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવે પદ સંભાળ્યું, ત્યારે તેમને દેશની આર્થિક સ્થિતિ વિશે ખૂબ જ ગંભીર નોટ મળી. આઠ પાનાની આ નોટ તેમને કેબિનેટ સચિવ નરેશ ચંદ્રાએ આપી હતી. આ નોટમાં કહેવામાં આવ્યું હતું કે ભારત ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે અને વડાપ્રધાનને કયા કાર્યોને મહત્ત્વ આપવું જોઈએ. એવું કહેવામાં આવ્યું હતું કે દેશમાં બહુ ઓછો વિદેશી હૂંડિયામણનો ભંડાર બચ્યો હતો, જેમાંથી માત્ર થોડા અઠવાડિયાની આયાત કરી શકાય છે.

ભારતના વિદેશી મુદ્રા ભંડારની સ્થિતિ એટલી ખરાબ હતી કે ઓગસ્ટ ૧૯૯૦ સુધીમાં તે ઘટીને ૩ અબજ ૧૧ ડોલર થઈ ગઈ હતી. જાન્યુઆરી ૧૯૯૧માં તે ઘટીને માત્ર ૮૯ કરોડ ડોલર પહોંચ ગયું હતું. જે માત્ર બે અઠવાડિયાના આયાત ખર્ચ થઈ શખે છે. આ સ્થિતિ ઘણાં કારણોસર ઊભી થઈ છે. ૧૯૯૦માં ગલ્ફ વોરના કારણે તેલના ભાવમાં અનેકગણો વધારો થયો હતો. ભારતે કુવૈતમાંથી તેના હજારો નાગરિકોને પરત લાવવા પડ્યા હતા. પરિણામ એ આવ્યું કે તેમના દ્વારા મોકલવામાં આવતી વિદેશી ચલણ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ. આ સિવાય દેશમાં રાજકીય અસ્થિરતા અને મંડલ કમિશનની ભલામણોના વિરોધમાં પણ



અર્થતંત્ર નબળી પડી. દેશના આર્થિક પડકારો સામે લડવા માટે તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવે ડૉ. મનમોહન સિંહને નાણામંત્રી તરીકે પસંદ કર્યા હતા.

મનમોહન સિંહને જગાડીને નાણામંત્રી બનાવ્યા!

૮૦ના દાયકામાં ભારત દ્વારા લેવામાં આવેલી ટૂંકા ગાળાની લોન પર વ્યાજ દરમાં વધારો થયો હતો. મોંઘવારી દર વધીને ૧૬.૭ ટકા થયો છે. આ મુશ્કેલ પરિસ્થિતિઓને જોઈને તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવ પોતાના કેબિનેટમાં એવા નાણામંત્રી રાખવા માંગતા હતા, જે તેમને આર્થિક સંકટમાંથી બહાર કાઢી શકે. તેમણે આ વિશે તેમના મિત્ર પી.સી. એલેક્ઝાન્ડર સાથે વાત કરી, જેઓ ઈન્દિરા ગાંધીના મુખ્ય સચિવ હતા. એલેક્ઝાંડરે તેમને પૂર્વ આરબીઆઈ ગવર્નર આઈજી પટેલ અને મનમોહન સિંહ વિશે જણાવ્યું. સિકંદર મનમોહન સિંહની તરફેણમાં હતા, તેથી તેમને મનમોહન સિંહ સાથે વાત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પી.સી. એલેક્ઝાંડરે પોતાની આત્મકથા 'થ્રુ ધ કોરિડોર્સ ઓફ પાવરઃ એન ઈનસાઈડ સ્ટોરી'માં લખ્યું છે કે, '૨૦મી જૂને મેં મનમોહન સિંહના ઘરે ફોન કર્યો હતો. તેમના નોકરે ફોન ઉપાડ્યો અને કહ્યું કે તેઓ યુરોપ ગયા છે અને મોડી રાત સુધીમાં દિલ્હી પાછા આવશે. ૨૧મી જૂનના રોજ સવારે ૫.૩૦ વાગે મેં તેમને ફરીથી ફોન કર્યો અને નોકરે કહ્યું કે સાહેબ ગાઢ નિંદ્રામાં છે અને તેમને જગાડી શકાય તેમ નથી. મારા આગ્રહ પછી તેમણે મનમોહન સિંહને જગાડ્યા અને મેં તેમની સાથે વાત કરી. આ દરમિયાન મેં તેમને કહ્યું કે તમને મળવું મારા માટે ખૂબ જ જરૂરી છે. હું ટૂંક સમયમાં તમારા ઘરે પહોંચીશ. થોડા સમય પછી જ્યારે હું મનમોહન સિંહના ઘરે પહોંચ્યો ત્યારે મનમોહન સિંહ ફરી ઊંઘી ગયા હતા.'એલેક્ઝાંડરે લખ્યું કે, 'મનમોહન સિંહ ફરીથી કોઈક રીતે જગાડ્યા હતા અને તેમને નરસિમ્હા રાવ સાથેની વાતચીત વિશે જણાવ્યું હતું. તેઓ નાણાં મંત્રાલયની જવાબદારી તમને સોંપવા માગે છે. આ અંગે મનમોહન સિંહ મારો અભિપ્રાય જાણવા માંગતા હતા, જવાબમાં તેમણે કહ્યું હતું કે, જો હું તેમની વિરુદ્ધ હોત તો આ સમયે તમને મળવા ન આવ્યો હોત. જોકો ત્યારબાદ નાણાં મંત્રી તરીકે મનમોહન સિંહના નામની જાહેરાત કરવામાં આવી હતી.'

# સંભલમાં જામા મસ્જિદની સામે બનાવાશે પોલીસ ચોકી, હિંસા બાદ તંત્રનો મોટો નિર્ણય

ઉત્તરપ્રદેશના સંભલમાં ગત ૨૪ નવેમ્બરે શાહી જામા મસ્જિદમાં સર્વે દરમિયાન હિંસા ભડકી હતી. જેને લઈને તંત્રએ મોટો નિર્ણય લીધો છે. હવે શાહી જામા મસ્જિદની સામે ખાલી પડેલા મેદાનમાં નવી પોલીસ ચોકી બનાવવામાં આવશે. તેના માટે જગ્યા નક્કી કરવામાં આવી છે. એટલું જ નહી એડિશનલ એસપી અને સીઓ શ્રીચંદ્રએ આ જગ્યાની માપણી કરી લીધી છે.

સંભલના એડિશનલ એસપી શ્રીચંદ્રએ એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે, 'સુરક્ષાની દૃષ્ટિએ આ જગ્યા પર પોલીસ ચોકી બનાવવાનો નિર્ણય લેવાયો છે. પોલીસ ચોકીનું નિર્માણ કાર્ય જલ્દીથી શરુ કરી દેવાશે.'

જ્યારે પોલીસ ફોર્સની સાથે એએસપી જામા મસ્જિદની બહાર પહોંચ્યા તો મસ્જિદ કમિટી અને આસપાસના લોકો પોતાની



જમીનના કાગળ લઈને તેમની પાસે પહોંચ્યા. તેમણે જણાવ્યું કે, આ લોકો એટલા માટે કાગળ લઈને આવ્યા છે કારણ કે તેમનું કહેવું છે કે આ જગ્યા તેમની છે. અમે તેની તપાસ કરીશું. પોલીસ ટીમે તે જગ્યાની માપણી પણ કરી લીધી છે, જ્યાં પોલીસ ચોકી બનવાની છે. જે જગ્યા પર ચોકીનું નિર્માણ કરાશે, તે જગ્યા પર ચૂનો નાખીને નિશાન કરાયું છે.

૨૪ નવેમ્બરના રોજ છજ્ઞૈંની ટીમ કોર્ટના આદેશ બાદ સંભલમાં જામા મસ્જિદનું સર્વેક્ષણ કરવા પહોંચી હતી ત્યારે ત્યાં હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. હિંસા બાદ ચાર દિવસ સુધી બજારો બંધ રહ્યા હતા અને વિસ્તારમાં તણાવનો માહોલ રહ્યો હતો.

# ઉત્તર ભારતમાં શીતલહેરના કારણે લોકોની હાલત ખરાબ, ફરી વરસાદ શરૂ થવાની સંભાવના

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ડ્ઢ) અનુસાર સોમવાર અને મંગળવારે હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને ઠંડીમાં પણ વધારો થયો હતો. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બુધવારે લખનૌમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો હતો. જેના કારણે દિવસનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૧૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના સમયે આછો તડકો પડતાં વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જેના કારણે લોકોએ ક્રિસમસના અવસર પર હવામાનની મજા માણી હતી. ગોમતીનગરના રહેવાસી દેવેન્દ્ર વર્માએ જણાવ્યું કે, વરસાદ પછી સૂરજ બહાર આવતાં ક્રિસમસની ઉજવણીની મજા બમણી થઈ જાય છે. પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં ક્રિસમસની પૂર્વસંધ્યા પર મંગળવારે ભદ્રવાહમાં એટલો બરફ વરસ્યો કે રજાઓનો આનંદ માણવા આવેલાં લોકો માટે આ પૈસા વસૂલ ટ્રીપ બની ગઈ. બરફવર્ષા જોઈને તેઓ બોલી ઉઠ્યા કે અમારી બરફ જોવાની ઈચ્છા પૂરી થઈ ગઈ. જમ્મુ કાશ્મીરના ભદ્રવાહ વિસ્તારના પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષાના પગલે નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. પહાડો બરફમય બની ગયા છે અને આજુબાજુ જ્યાં નજર કરો ત્યાં સફેદ બરફની ચાદર છવાઈ ગઈ છે. જેને જોઈને પ્રવાસીઓના દિલ ગાર્ડન ગાર્ડન થઈ ગયા છે. પહાડો પર સતત હિમવર્ષાથી ઠંડીમાં પણ વધારો થયો છે. જેના કારણે પહાડોથી લઈને મેદાની પ્રદેશ સુધી ઠંડા પવનો લોકોને ધ્રૂજાવી રહ્યા છે. હવામાન શાસ્ત્રી અતુલ કુમાર સિંહે જણાવ્યું કે, ઉત્તરપ્રદશમાં ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદ શરૂ થવાની સંભાવના છે. આ સાથે તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે, ૨૯ ડિસેમ્બર પછી ઠંડી વધુ તીવ્ર બની શકે છે. જેના કારણે દિવસ દરમિયાન શીત લહેરની અસર જોવા મળી શકે છે.

# થ્રિલ્સ, ચિલ્સ અને કોમેડીથી ભરપૂરઃ "ફાટી ને?"નું ટીઝર તમારી આતુરતા વધારી દેશે!"



મોસ્ટ અવેઈટેડ અપકમિંગ ગુજરાતી હોરર-કોમેડી ફિલ્મ "ફાટી ને?"નું આખરે આવી ગયું છે, અને ટીઝર જોતાં જ મજા પડી જાય છે. આખું ટીઝર એક અદ્ભુત સિનેમેટિક એક્સપીરીયન્સ આપે છે. રૂંવાડા ઉભા કરી દેતા વિઝ્યુઅલ્સ અને ભરપૂર હાસ્યનું સાહજિક મિશ્રણ એવા આ ટીઝરે હવે ફિલ્મ વિષે ઊંચી અપેક્ષાઓ બાંધી દીધી છે. ટીઝરમાં ઈમોશન્સ પણ એવી રીતે રજૂ કરાયા છે જે પ્રેક્ષકોને તેમની સીટ સાથે જકડી રાખશે.

વાર્તાની શરૂઆત એક નાનકડી છોકરીના અવાજ સાથે થાય છે જે તેના પપ્પાને કહી રહી છે કે એને બહુ જ ડર લાગી રહ્યો છે. જેમ જેમ ટીઝર આગળ પ્લે થાય છે, એ સાથે વિઝ્યુઅલ્સ આપણને મેલબોર્ન મેન્શન નામની હવેલીમાં લઈ જાય છે, જ્યાં અલૌકિક શક્તિઓનો પ્રભાવ હોય તેવું લાગી રહ્યું છે. બે મુખ્ય પાત્રો, હિતુ કનોડિયા અને સ્મિત પંડ્યાને ભૂત-પ્રેત અને રહસ્યમય ઘટનાઓનો સામનો કરવો પડે એવી રમૂજી છતાં ડરામણી પરિસ્થિતિઓની વણઝારમાં ધકેલી દેવામાં આવે છે. પણ એનાં જોનરના મૂળ અનુસાર "ફાટી ને?" ભયને રમૂજ સાથે બેલેન્સ કરે છે, ખાસ કરીને પેલો સીન, જેમાં સ્મિત એક મહિલાના વેશમાં છે અને આઈકોનિક સોન્ગ "અમી જે તોમર"ને ગાતો જોવા મળે છે.

"ફાટી ને?"ની સૌથી અભૂતપૂર્વ વિશેષતાઓમાંની એક છે તેમાં ડોલ્બી એટમોસ સાઉન્ડ ટેકનોલોજીનો ઉપયોગ. આ ઈમર્સિવ ઓડિયો સિસ્ટમનો સમાવેશ કરનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ તરીકે, "ફાટી ને?" દર્શકોને તેમણે પહેલા ક્યારેય ન કર્યો હોય તેવી એક ઐતિહાસિક ઓડિયો-વિઝ્યુઅલ જર્ની પર લઈ જવાનું વચન આપે છે. ફ્લોરબોર્ડનું દરેક કંપન, અંધારામાં થઈ રહેલી દરેક ગુસપુસ અને હાસ્યનો દરેક વિસ્ફોટ એવો અનુભવ કરાવશે કે આ બધુ જ તમારી બાજુમાં થઈ રહ્યું છે, જે ચોક્કસપણે હોરર અને કોમેડીને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

તેની રસપ્રદ સ્ટોરી અને મનમોહક દ્રશ્યોથી લઈને તેની અસાધારણ સાઉન્ડ ડિઝાઈન અને કલાકારોના શાનદાર અનુભવ સુધી, "ફાટી ને?" વાસ્તવિક રૂપે એક અવિસ્મરણીય ફિલ્મ બની રહેશે. રોમાંચ અને હાસ્યના પરફેક્ટ બેલેન્સ સાથે, તે પ્રેક્ષકોને આકર્ષિત કરવા અને રિજનલ હોરર-કોમેડીની સીમાઓને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે. તો એક એવા સિનેમેટિક એક્સપિરીયંસ માટે તૈયાર થઈ જાઓ, જે તમને ડરાવશે પણ અને મનોરંજન પણ પીરસશે - "ફાટી ને?" ફિલ્મને અચૂકપણે જોવી જોઈએ!

"ફાટી ને?" ફિલ્મ ફૈસલ હાશમી દ્વારા દિગ્દર્શિત અને લિખિત તેમજ ફેનિલ દવે દ્વારા લિખિત છે. એસ. પી. સિનેકોર્પ અને સન આઉટડોર્સ દ્વારા પ્રસ્તુત આ ફિલ્મનું નિર્માણ કેનસ ફિલ્મ્સ, કેશ્વી પ્રોડકશન અને ફુલપિક્સલ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે વર્લ્ડવાઈડ ડિસ્ટ્રિબ્યૂશન રૂપમ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને એસપી સિનેકોર્પ સિનેમેટિક વેન્ચર લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

# સંધ્યા થિયેટર નાસ ભાગ કેસઃ અલ્લુ અર્જુનના જામીન યથાવત, આગામી સુનાવણી ૧૦ જાન્યુઆરીએ



નામપલ્લી કોર્ટમાં સંધ્યા થિયેટર નાસભાગ કેસની સુનાવણીમાં અભિનેતા અલ્લુ અર્જુન વર્ચ્યુઅલી હાજર થયો હતો. જ્યાં તેના વચગાળાના જામીનને યથાવત રાખવાનો આદેશ આપ્યો છે. તેમજ રિમાન્ડ પર આગામી સુનાવણી હવે ૧૦ જાન્યુઆરીના રોજ યોજાશે. સુરક્ષાને ધ્યાનમાં રાખતાં અલ્લુ અર્જુન કોર્ટમાં વર્ચ્યુઅલ મોડમાં હાજર રહ્યા હતાં. પોલીસે ૧૩ ડિસેમ્બરે અલ્લુ અર્જુનની ધરપકડ કરી હતી. ૪ ડિસેમ્બરે સંધ્યા થિયેટરમાં પુષ્પા ૨ઃ ધ રૂલના પ્રીમિયમ શો દરમિયાન અલ્લુ અર્જુનને જોવા ઉમટી પડેલી ભીડમાં નાસભાગ થતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. તેમજ અન્ય એક સગીર આઈસીયુમાં દાખલ કરાયો હતો. નામપલ્લી કોર્ટે અભિનેતાને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. પરંતુ અભિનેતાના વકીલોએ હાઈકોર્ટનો દરવાજો ખટખટાવતાં વચગાળાના જામીન મંજૂર થયા હતા. ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીની મુદત ૨૭ ડિસેમ્બરે પૂર્ણ થઈ હતી.પોલીસે ૨૪ ડિસેમ્બરે અલ્લુ અર્જુનની પુછપરછ માટે અટકાયત કરી હતી. ઘટનાના સીસીટીવી ફૂટેજ એકત્ર કરી પોલીસે તૈયાર કરેલા ૧૦ મિનિટના વીડિયોના આધારે ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં ત્રણ કલાકથી વધુ સમય સુધી પુછપરછ કરી હતી.

# જાહેર માહિતી આયોગ ગાંધીનગર દ્વારા ડાંગ જિલ્લામાં જાહેર માહિતી અધિકાર અધિનિયમના ભંગ બદલ બે તલાટી કમ મંત્રી ને દંડ ફટકારવામાં આવ્યો




આહવા-ડાંગ જાહેર માહિતી આયોગ ગાંધીનગર દ્વારા ડાંગ જિલ્લામાં જાહેર માહિતી અધિકાર અધિનિયમના ભંગ બદલ બે તલાટી કમ મંત્રી ને દંડ ફટકારવામાં આવ્યો છે એવું જાણવા મળેલ છે

ડાંગ આહવા તારીખ: ૨૭ ડિસેમ્બર ૨૦૨૪: પ્રાપ્ત માહિતી અનુસાર, ડાંગ જિલ્લામાં એક જાગૃત નાગરિક દ્વારા ઈં-૨૦૦૫ હેઠળ ગ્રામ પંચાયત પાસે માહિતી માંગવામાં આવેલ હતી જે માહિતી તલાટી કમ મંત્રી દ્વારા સમયસર આપવામાં આવી ન હતી. તેથી અરજદારે જાહેર માહિતી આયોગ ગાંધીનગર ને અપીલ કરવામાં આવી હતી. જેના અનુપાલનમાં જાહેર માહિતી આયોગ, ગાંધીનગર (ગુજરાત) એ જાહેર માહિતી અધિનિયમ - ૨૦૦૫ ની કલમ ૨૦(૧) હેઠળના ઉલ્લંઘન માટે સત્તાની રૂ એ ગ્રામ પંચાયતના બે તલાટી કમ મંત્રી ધ્રુવેશ એસ. ચૌધરી ને રૂપિયા ૨૫,૦૦૦/- અને ૨. માધુરી એસ. ઠાકરેને રૂ. ૧૦,૦૦૦/-નો દંડ ફટકારવામાં આવ્યો છે. જેના લીધે ડાંગમાં અધિકારીઓ આર ટી આઈ પ્રત્યે ઉદાસીન સ્થિતિમાં છે. તે જોવા મળ્યું છે તેથી અધિકારીઓમાં પણ ગભરાટ ફેલાયો છે.

# રોટરી કલબ ઓફ બોરીવલી દ્વારા નેત્રહીનો અને ગરીબ બાળકો માટે ડિજિટલ એજ્યુકેશન સેન્ટર

રોટરી કલબ ઓફ બોરીવલી દ્વારા નેત્રહીનો અને ગરીબ બાળકો માટે ડિજિટલ એજ્યુકેશન સેન્ટર બોરીવલી વેસ્ટમાં ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ગવર્નર ચેતન દેસાઈ, અતિથિ વિશેષ હેમંત મહેતા,

રોટરી કલબ ઓફ બોરીવલીના પ્રમુખ હરીશભાઈ ચાંદરાણા, મનિષ જ્ઞાની, એજ્યુકેશન ડિરેક્ટર આરતી પારેખ, સેક્રેટરી ચેતન જોશી, રાજુલ પાઠક, અજિતભાઈ વસાણી, જયનીશા સંપટ, સુમેધા રાવ, હેતલ પાઠક, નિખિલ દેસાઈ સહિત રોટરી કલબના સભ્યો વગેરે હાજર રહ્યા હતા. રોટરી કલબ ઓફ બોરીવલીની આંખની બૅન્ક દ્વારા કરવામાં આવી રહેલા કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.




# ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ગુરુ ગોવિંદસિંહના સાહિબજાદાઓ બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહના શૌર્ય, ત્યાગ અને બલિદાનનું સ્મરણ કરી 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરાઇ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુરુ ગોવિંદસિંહના નાના સાહિબજાદાઓ(પુત્રો) બાબા જોરાવર સિંહ (૯ વર્ષ) અને બાબા ફતેહ સિંહે (૭ વર્ષ) ધર્મ અને માનવતાના રક્ષણ માટે મુઘલ સામ્રાજ્યની ક્રૂરતા સામે અંતિમ શ્વાસ સુધી દર્શાવેલ અદમ્ય સાહસ, શૂરવીરતા અને બલિદાનનું સ્મરણ કરવા, તેઓના શૌર્ય અને ત્યાગને બિરદાવવા અને આજની પેઢી પણ તેઓના વિશે માહિતગાર થાય તે હેતુ સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ માં દર વર્ષે ૨૬ ડિસેમ્બરને વીર બાળ દિવસ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે તેના ઉપલક્ષ્યમાં ૨૬ ડિસેમ્બરના રોજ શહેર ભાજપ દ્વારા વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પ્રદેશ સ્તરેથી ભાજપા અગ્રણી શ્રી ફલજીભાઈ ચૌધરીએ વક્તા તરીકે ઉપસ્થિત રહી ગુરુ ગોવિંદસિંહના નાના સાહિબજાદાઓની શૌર્યગાથા અંગે વિગતવાર છણાવટ કરી હતી અને વીર સાહિબજાદાઓની વાત મહત્તમ



લોકો સુધી પહોંચતી કરવા આહ્વાન કર્યું હતું. ધારાસભ્ય રીટાબેન પટેલે પણ આ તકે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટે. કમિટી ચેરમેન ગૌરાંગ વ્યાસ, મહામંત્રીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાલનપુરના સલ્લાથી ગઢ ને સાંકળતો માર્ગ બિસ્માર બન્યો

પાલનપુર તાલુકાના સલ્લાથી ગઢ પાટણ હાઈવેને સાંકળતો માર્ગ બિસ્માર બન્યો છે. ૧૦થી વધુ ગામોને સાંકળતા માર્ગ ઉપર મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. જોકે, માર્ગ ઉપર ઉખડેલી કપચી અને ખાડાઓથી ટાયરને નૂકશાન થઈ રહ્યું છે. આ માર્ગ નવો બનાવવામાં આવે તેવી માંગણી છે.પાલનપુર તાલુકાના સલ્લાથી ગઢ, મુડવાડા, સાસમ, કાતરા, મેસર, વદાણી, થી પાટણ હાઈવને સાંકળતો માર્ગ છેલ્લા કેટલાક સમયથી બિસ્માર બન્યો છે. આ અંગે સલ્લાના દિલીપસિંહ ઠાકોરે જણાવ્યું હતુ કે, કોન્ટ્રાકટર દ્વારા રસ્તાનું કામ બરાબર થયું નથી. નાળા ઉપર તેમજ સમગ્ર રસ્તા ઉપર કપચી નીકળી ગઈ હોવાથી વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. આ માર્ગ ૧૦થી વધુ ગામડાઓને સાંકળતો હોઈ દિવસભર મોટી સંખ્યામાં વાહનોની અવર- જવર રહે છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે માર્ગ નવો બનાવવામાં આવે તેવી માંગણી છે. જે અંગે અગાઉ તંત્ર સમક્ષ લેખિત રજૂઆતો પણ કરેલી છે.

## ભરૂચ દુષ્કર્મ કેસ મામલે, નરાધામ આરોપી વિજય પાસવાનનો પોટેન્સી ટેસ્ટ અને છાતી પર મર્દ ટેટૂનો ખુલાસો

ભરૂચ,

દુષ્કર્મના નરાધામ આરોપીને મેડિકલ પોટેન્સી ટેસ્ટ માટે સુરત હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પોટેન્સી ટેસ્ટ કરવાથી ખૂલશે રાજ, આરોપીની છાતી પર 'મર્દ' લખેલુ ટેટુ ગત ૧૬ ડિસેમ્બરે ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ઘટના બની હતી. આ બાળકીનું વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૧૮૦ કલાક બાદ મોત થયું હતું. આ ઘટનાએ સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. ભરૂચમાં ૧૦ વર્ષની બાળકી સાથે થયેલા દુષ્કર્મના ચોંકાવનારા બનાવમાં નવો વળાંક આવ્યો છે. આરોપી વિજય પાસવાનનો આજે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પોટેન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપીની છાતી પર 'મર્દ' લખેલું ટેટૂ મળ્યું હતું. કોઈ વ્યક્તિ નપુંસક છે કે નહીં એ ખાસ પ્રકારના ટેસ્ટ દ્વારા જાણી શકાય છે. આ ટેસ્ટને પોટેન્સી ટેસ્ટ કહેવામાં આવે છે. ઘણી વખત બળાત્કારના આરોપીઓ પોતાને નપુંસક હોવાનો દાવો કરીને છટકી જવાનો પ્રયાસ કરતાં હોય છે. પરંતુ આવી સ્થિતિમાં કોર્ટના આદેશ પર પોલીસ આરોપીનો પોટેન્સી ટેસ્ટ કરાવે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીના અન્ય કેટલાક ટેસ્ટ અંકલેશ્વર ખાતે થઈ શકે એમ ન હોવાથી તેને સુરત લાવવામાં આવ્યો હતો. પોટેન્સી ટેસ્ટ દરમિયાન આરોપીના સ્પર્મનો નમૂનો લેવામાં આવ્યો હતો. આ ટેસ્ટના પરિણામો મેડિકલ તપાસમાં મળેલા પુરાવા સાથે મળે છે કે કેમ તે પણ ચકાસવામાં આવશે. આરોપીની છાતી પર મળેલું 'મર્દ' ટેટૂ આ કેસમાં નવો વળાંક લઈ આવ્યો છે. પોલીસ આ ટેટૂના મહત્વ અને તેની પાછળના કારણોની તપાસ કરી રહી છે.

# મૃતક સિરિયલ કિલર ભૂવાએ તાંત્રિક વિધિમાં માતા-પિતા અને પુત્રીની હત્યા કરી હોવાનું ખુલ્યું

સુરેન્દ્રનગર

ભૂવાનું લોકેશન બનાવના સ્થળની આસપાસ હોવાનું ખૂલવા પામ્યું હતું વઢવાણના હત્યારા ભૂવા નવલસિંહના મામલે વધુ એક પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે, જેમાં હત્યારા નવલસિંહ ભૂવાએ સુરેન્દ્રનગરની ત્રણ વ્યક્તિની હત્યા કરી દૂધરેજ નર્મદા કેનાલમાં તેમની લાશ ફેંકી દીધી હતી. એમાં ફરિયાદી ભાવિક પાટડિયાના પિતા દીપેશ પાટડિયા, માતા પ્રફુલાબેન અને બહેન ઉત્સવીની ભૂવા નવલસિંહે હત્યા કરી હતી. એ મામલે સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસમાં મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.આ મામલે તાંત્રિક વિધિમાં માતા-પિતા અને પુત્રીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે, જેમાં નવલસિંહ ભૂવા દ્વારા હત્યા બાદ દૂધરેજ નર્મદા કેનાલમાં ત્રણેયની લાશ ફેંકી દેવામાં આવી હતી. એમાં હત્યા બાદ પોલીસ તપાસમાં કોઈપણ કડી મળી નહોતી, પરંતુ નવલસિંહ ભૂવાનું લોકેશન બનાવના સ્થળની આસપાસ હોવાનું ખૂલવા પામ્યું હતું. ત્યારે આજે મૃતકના પુત્ર ભાવિક દીપેશ પાટડિયા દ્વારા સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસ મથકે નવલસિંહ ભૂવા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાવ્યો છે.સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ સુરેન્દ્રનગરના વઢવાણ મોટા પીર ચોક રોડ પર શિયાણી પોળમાં રહેતા નવલસિંહ કનુભાઈ ચાવડાએ ફરિયાદી ભાવિક દીપેશ પાટડિયાના પિતા દીપેશ પાટડિયા, માતા પ્રફુલાબેન પાટડિયા અને બહેન ઉત્સવી પાટડિયાને વિધિ કરવાના બહાને મૂળચંદ ગામ પાસે નર્મદા કેનાલ ઉપર બોલાવી તેમને વિધિના બહાને પાણીમાં સોડિયમ પાઉડર પીવડાવી બેભાન કરી ત્રણેયના મોબાઈલ ફોન અને ઘરેણાં લઈ કેનાલમાં ધક્કો મારી પાણીમાં ડુબાડીને મોત નિપજાવ્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ બનાવ અંગે વઢવાણ કોર્ટના પ્રિન્સિપલ સિવિલ જજ દ્વારા આ કેસની વધુ તપાસ સુરેન્દ્રનગર બી ડિવિઝનના પીઆઈ એમ.એચ.પઠાણ ચલાવી રહ્યા છે.મૃતક દીપેશ પાટડિયાએ બેંકમાંથી ઉપાડેલા રૂ. ૬ લાખ, સોનાના દાગીના અને મોટરસાઈકલનો આજદિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. આ બનાવ અંગે ફરિયાદી ભાવિક દીપેશ પાટડિયાએ જણાવ્યું હતું કે મારા પિતા બનાવના દિવસે લઈ ગયેલા મોટરસાઈકલ, તેમણે પહેરેલા સોનાનાં ઘરેણાં અને બેંકમાંથી બે વખતમાં ઉપાડેલા રૂ. ૬ લાખનો આજદિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી.બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવિક પાટડિયાએ આઈપીસી કલમ ૩૦૨, ૩૨૮ મુજબ નવલસિહ કનુભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. આ કામના ફરિયાદીના પિતા દીપેશભાઈ તથા માતા પ્રફુલાબેન તેમજ બહેન ઉત્સવી ત્રણેયને વિધિ કરવાના બહાને મૂળચદ ગામ પાસે નર્મદા કેનાલ ઉપર બોલાવીને વિધિના બહાને પાણીમાં સોડિયમ પાઉડર પીવડાવી બેભાન કરી તેમનાં મોબાઈલ ફોન તથા ઘરેણાં લઈ કેનાલમા ધક્કો મારી ડુબાડી દઈ મોત નીપજાવી ગુનો કર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. તાંત્રિક વિધિના નામે ચાર ગણા પૈસા કરી આપવાની લાલચ આપી ઠગાઈ કરનાર તાંત્રિકનું મોત નીપજ્યું હતું. પાંચ દિવસ પહેલાં ધરપકડ કરાયેલી તાંત્રિક નવલસિંહ ચાવડા રિમાન્ડ પર હતો. આ દરમિયાન તેની તબિયત લથડી અને અચાનક મૃત્યુ થયું હતું. જોકે ચોંકાવનારી વાત એ પણ સામે આવી છે કે તાંત્રિક આરોપીએ ઠગાઈની સાથે-સાથે સોડિયમ નાઈટ્રેટથી ૧૨ મર્ડર કર્યાની કબૂલાત કરી હતી, જેમાં ત્રણ તો પરિવારના જ લોકો હતા. સરખેજ પોલીસે ૩ ડિસેમ્બરના રોજ નવલસિંહ ચાવડાને અરેસ્ટ કર્યો હતો. એ બાદ કોર્ટે રિમાન્ડ મંજૂર કરતાં ૧૦ ડિસેમ્બર સુધી રિમાન્ડ પર હતો.૭ ડિસેમ્બરે તાંત્રિકનું મોત થયું હતું. ઝોન ૭ના ડીસીપી શિવમ વર્માએ જણાવ્યું હતું કે ૪૨ વર્ષીય તાંત્રિક નવલસિંહની કસ્ટોડિયલ ડેથને લઈને તપાસ કરાશે. આરોપી નવલસિંહની સવારે તબિયત બગડતાં ૧૦૮ દ્વારા સોલા સિવિલ લઈ જવામાં આવ્યો હતો અને અહીં તેનું મોત થયું છે. આરોપીએ અત્યારસુધી ૧૨ લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. આરોપીએ તેના પરિવારમાંથી જ દાદી, માતા અને કાકાની હત્યા કરી હતી. આરોપી છેલ્લાં ૧૨ વર્ષથી આ રીતે હત્યા કરતો હતો અને તે સુરેન્દ્રનગરની લેબમાંથી સોડિયમ નાઈટ્રેટ ખરીદતો હતો.

## વડોદરાની સૌથી મોટી સયાજી હોસ્પિટલ દવા મામલે દેવાદાર : દવાના ૧૩ કરોડનું બિલ ચૂકવવા નથી પૈસા

વડોદરા,

ગુજરાતના મહાનગર વડોદરાને શું થવા બેઠું છે?પસુરત અને અમદાવાદની સરખામણીએ આ શહેર વિકાસમાં કેમ પાછળ રહી ગયું છે?પવડોદરાની સૌથી મોટી અને સમગ્ર મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ દવા મામલે દેવાદાર બની છેપહા દેવાદારપ.આરોગ્યને લઈ થતાં મોટા મોટા દાવા વચ્ચે આ સરકારી હોસ્પિટલ ખાનગી વેપારીઓ પર નિર્ભર બની છેપત્યારે કેમ હોસ્પિટલ બની ગુજરાતના મહાનગર વડોદરાને શું થવા બેઠું છે?પસુરત અને અમદાવાદની સરખામણીએ આ શહેર વિકાસમાં કેમ પાછળ રહી ગયું છે?પવડોદરાની સૌથી મોટી અને સમગ્ર મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ દવા મામલે દેવાદાર બની છેપહા દેવાદારપ.આરોગ્યને લઈ થતાં મોટા મોટા દાવા વચ્ચે આ સરકારી હોસ્પિટલ ખાનગી વેપારીઓ પર નિર્ભર બની છેપત્યારે કેમ હોસ્પિટલ બની દેવાદાર?આ એ સરકારી હોસ્પિટલ છે જે મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ છે. પરંતુ આ સરકારી હોસ્પિટલે દેવાળું ફેંક્યું છે. દવાનું બિલ એટલું ચડી ગયું છે કે ખાનગી વેપારીઓને પૈસા ચુકવવાના હોસ્પિટલ પાસે પૈસા નથી. વડોદરાની આ સયાજી હોસ્પિટલને ખાનગી વેપારીઓના ૧૩ કરોડ રૂપિયા ચુકવવાના બાકી નીકળે છે. સરકારે દવાનો સ્ટોક ન ફાળવતાં ૩૬ કરોડની દવા બજારમાંથી ખરીદવી પડી છે. વારંવાર સરકાર પાસેથી દવાની માગણી કરવામાં આવી છતાં દવાનો સ્ટોક ફાળવવામાં નથી આવ્યોપજેના કારણે દવાનો સ્ટોક ખાનગી વેન્ડરો પાસેથી ખરીદવો પડ્યો હતોપપરંતુ હવે આ પૈસા ચુકવી શકે તેવી હોસ્પિટલ પાસે કોઈ તાકાત નથી.સયાજી હોસ્પિટલને ખાનગી વેપારીઓના ૧૩ કરોડ ચુકવવાના બાકી છે. સરકારે દવાનો સ્ટોક ન ફાળવતાં ૩૬ કરોડની દવા બજારમાંથી ખરીદાઈ. તે સિવાય વારંવાર સરકાર પાસેથી માગણી છતાં દવાનો સ્ટોક ફાળવાયો નથી. દવાનો સ્ટોક ખાનગી વેન્ડરો પાસેથી ખરીદવો પડ્યો હતો. ઉપરાંત પૈસા ચુકવી શકે તેવી હોસ્પિટલ પાસે કોઈ તાકાત નથી સયાજી હોસ્પિટલ અનેક દર્દીઓ માટે આશાનું કિરણ છે. મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લામાં ગરીબ દર્દીઓ અહીં સારવાર લેવા માટે પહોંચે છે. હોસ્પિટલ તંત્રએ તો ગરીબ દર્દીઓ માટે સારુ કામ કર્યુંપદવા ન હોવાથી દવા બહારથી ખરીદી કરી દર્દીઓનો જીવ બચાવ્યોપપરંતુ સરકાર અને સરકારના આરોગ્ય વિભાગ માટે આ શરમજનક વાત છે. આમ તો કોઈ પણ સરકારી હોસ્પિટલને બહારથી માત્ર એક લાખ રૂપિયાની જ દવા ખરીદવાની સત્તા છે. જ્યારે બે લાખથી વધુના સાધનોની ખરીદી કરી શકાય છે. સયાજી હોસ્પિટલમાં સુવિધા વધારવાના દાવા કરે છે પરંતુ તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. વારંવાર વિવાદોમાં રહેતી આ સયાજી હોસ્પિટલ દવાના સ્ટોકને કારણે વિવાદમાં આવી છે ત્યારે હવે આ દવાનું આ દેવું ક્યારેય ભરાય છે અને ક્યારે સરકાર હોસ્પિટલને દવાનો પુરતો સ્ટોક આપે છે

# અમદાવાદ એરપોર્ટ પર ૨.૩૫ કરોડના ૩ કિલો સોના સાથે ૧ વ્યક્તિની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ બન્યુ દાણચોરીનું હબ, આજે ર્જીંદ્ઘના અધિકારીઓ દ્વારા એરપોર્ટ પરથી એક વ્યક્તિની ધરપકડ કરીને તેની પાસેથી ૨.૩૫ કરોડનું ૩ કિલો સોનું જપ્ત કર્યુ. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ (જીફૈંછ) પર ફરીથી સોનાની દાણચોરી ઝડપાઈ છે. કસ્ટમ્સ અધિકારીઓએ ૨.૩૫ કરોડ રૂપિયાની કિંમત ધરાવતા ૩ કિલો સોનાને જપ્ત કર્યો છે. આ સોનું ખાસ રીતે ઈલેક્ટ્રિક મોટરમાં છુપાવીને લાવવામાં આવ્યું હતું. ધરપકડ કરવામાં આવેલા વ્યક્તિએ પોતાની ઓળખ ભારતીય નાગરિક તરીકે આપી છે. આ ઘટનાની તપાસ દરમ્યાન કસ્ટમ્સ વિભાગએ ખુલાસો કર્યો છે કે, એપ્રિલ ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન તેઓએ ૪૨ કરોડ રૂપિયાના ૬૩ કિલો સોનાને ઝડપી લીધા છે. કસ્ટમ્સના અધિકારીઓએ જણાવ્યુ કે, આ વર્ષે અત્યાર સુધી ૨૪ વ્યક્તિઓની ધરપકડ કરી તેમને કાનૂની કાર્યવાહી માટે સોંપવામાં આવી છે. વિશેષ એ છે કે, સોનાની દાણચોરી કરતી વ્યક્તિઓ નવા નવા નુસખા અજમાવતી હોય છે, જેના પરિણામે કસ્ટમ્સ વિભાગએ વધુ સાવચેતી જાળવી છે. કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે, તે શંકાસ્પદ પેસેન્જર પર સતત નજર રાખે છે અને કોઈપણ અપ્રસંગિક અથવા શંકાસ્પદ ચાલને નોંધીને તરત કાર્યવાહી કરે છે.

## અમદાવાદના ઘાટલોડિયામાં વ્યાજખોરના ત્રાસથી ૬૫ વર્ષના વેપારીએ કર્યો આપઘાત

અમદાવાદ,

અમદાવાદના ઘાટલોડીયામાં રહેતા અને શેરમાર્કેટ તથા હીરા દલાલી નો વેપાર કરતા વેપારી પર ૪ લાખ વ્યાજ પર લીધા હતા, વ્યાજખોરે વેપારીને અવારનવાર ત્રાસ અપાતા વેપારીએ આપઘાત કરી લીધો. ગુજરાતમાં વ્યાજખોરોના ત્રાસથી વધુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં એક શેર માર્કેટ અને હીરા દલાલી સાથે સંકળાયેલા વેપારીએ વ્યાજખોરના ત્રાસને કારણે આપઘાત કરી લીધો. આ દુઃખદ ઘટના અતુલભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ (૬૫) નામક વેપારીની છે, જેઓ ૨૦૧૭માં જીવાભાઈ વાઘજી દેસાઈ પાસેથી ૪ લાખ રૂપિયા ઉછીના લીધા હતા.

# આણંદમાં હેડકોન્સ્ટેબલ જ રૂ. ૩.૬૩ લાખની ૨૪૦ વિદેશી દારૂની બોટલો સાથે ઝડ્પાયો

આણંદ,

આણંદમાં દારૂ પકડવાની જગ્યાએ દારૂનો જથ્થો સાચવતો હતો, દારૂની બોટલો મકાનમાં છુપાવીને રાખવામા આવી હતી. અંદાજે ૨૪૦ બોટલ રૂ. ૩.૬૩ લાખી ઝડ્પાઈ છે. આણંદના પેટલાદમાં દારૂબંધીના કાયદાના લીરા ઉડાવતી ઘટના બની છે, જ્યારે પોલીસ હેડકોન્સટેબલ સુનિલ મકવાણાના ઘરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો. ૨૪૦ બોટલ વિદેશી દારૂ, જેની કિંમત લગભગ ૩.૬૩ લાખ રૂપિયા છે. સુનિલ મકવાણાની મકાનમાં છાપા દરમિયાન મળ્યો. આ દારૂ ૩૧મી ડિસેમ્બર માટે બુટલેગરો દ્વારા ઊતારવામાં આવ્યો હતો, જેનાં સંદર્ભમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.